# ડેન નેટવર્ક્સનો આઈપીઓ ૨૮મીથી ભરણા માટે ખૂલશે

અમદાવાદ

ભારતની અગ્રણી કેબલ ડિસ્ટ્રીબ્યુશન કંપની ડેન નેટવર્ક્સ લિમિટેડ હેન્ડ રૂા.૧૦ની કિંમતનો એક એવા બે કરોડ ઈક્વિટી શેરોના પ્રારંભિક જાહેર ભરણાં (આઈપીઓ) સાથે ૧૦૦ ટકા બુક બિલ્ડીંગ પ્રોસેસ દ્વારા મૂડી બજારમાં પ્રવેશી રહી છે. ઈસ્યુનો પ્રાઈસ બેન્ડ રૂા.૧૯૫થી રૂા.૨૦૫ નક્કી કરવામાં આવ્યો છે. ઈશ્યુ ૨૮ ઓક્ટો.ના રોજ ખૂલશે અને ૩૦મી ઓક્ટો.ના રોજ બંધ થશે.

બે કરોડ ઈક્વિટી શેરોમાંથી જાહેર જનતાને ૧૯૭૫૦૦૦૦ ઈક્વિટી શેરો ઓફર કરવામાં આવશે. આ ઉપરાંત બીજા ૨.૫ લાખ ઈક્વિટી શેરો માન્ય કર્મચારીઓના સબસ્ક્રિપ્શન માટે અનામત રાખવામાં આવશે. ક્વોલિફાઈટ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સને ૬૦ ટકા શેરો આપવામાં આવશે. જેમાંથી ૩૦ ટકા હિસ્સો ઈન્વેસ્ટર્સનો છે એચએન ચાઈને ૧૦ ટકા અને રિટેલ ઈન્વેસ્ટર્સને ૩૦ શેરો ફાળવવામાં આવશે.

આઈપીઓમાંથી મળનારા ભંડોળનો ઉપયોગ કંપનીના કેબલ ટેલિવિઝન અને બ્રોડબેન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સેવાઓ વિકસાવવામાં આવશે.